સુપ્રસિદ્ધ અને વિશ્વસનીય

દૃષ્ટિ એડવર્ટાઈઝીંગ એજન્સીનો ૪૭મા વર્ષમાં પ્રવેશ

રાજકોટ તા. ૫: રામ નવમીના પાવન દિવસે આજથી ૪૬ વર્ષ પૂર્વે સ્થપાયેલ દૃષ્ટિ એડવર્ટાઈઝીંગ એજન્સીનો ૪૭મા વર્ષમાં પ્રવેશ થયો છે.

વ્યવસાયના તમામ ક્ષેત્રોમાં ક્લાયન્ટની પ્રગતિ એજન્સીનું સૂત્ર

ગીરધરભાઈ ઘાડિયા (ફાઉન્ડર ચેરમેન)

ગિરીશભાઈ ત્રિવેદી (મેનેજિંગ ડાયરેક્ટર)

રામ સેના જેવી અખંડ સાધના અને પરિશ્રમ થકી દૃષ્ટિની ટીમ તેમના આદ્યસ્થાપક ગિરધરભાઈ ઘાડીયા તથા ગિરીશભાઈ ત્રિવેદીના સબળ નેતૃત્વ હેઠળ અનેકવિધ ઈન્ડસ્ટ્રીઝની અનેકવિધ બ્રાન્ડસની સ્ટ્રેટિજિ બનાવવા તેના ગ્રાહકવર્ગ સાથે સેતુ સ્થાપી વિજયી બનાવી છે.

સક્ષમ ટીમ વર્ક, આધુનિક ટેકનોલોજી, વ્યવસાયિક દૃષ્ટિકોણ અને મીડિયા સાથેના સંબંધો દૃષ્ટિના આ શસ્ત્રો હરહંમેશ ધારદાર રહ્યા છે. પ્રાપ્ત થયેલ સંસાધનોની અવહેલના ક્યારેય પણ ન થાય તેમજ કોમ્યુનિકેશનમાં કોઈ પણ શબ્દ તેની મર્યાદા ન ઓળંગે તેવી દૃષ્ટિની કાળજી મર્યાદાપુરૂષોત્તમના જીવન દર્શનથી પ્રેરાયેલી રહી છે. અને એટલે જ તો દૃષ્ટિનો તેમના ગ્રાહકવર્ગ સાથેનો સેતુ સદા અકબંધ રહ્યો છે. કારણ, તે વિશ્વાસના પથ્થરોથી નિર્માણ થયો છે. સંબંધોની ગરિમા, વૈચારિક પરિપક્વતા, વચનોની પૂર્તિ, મૂલ્યોને આધીન પરંપરાઓ, ધારદાર સજ્જતા અને આધુનિક અભિગમ થકી દૃષ્ટિ એડવર્ટાઈઝર એન્ડ ડિઝાઈનીંગ આજે એજન્સી ઉદ્યોગમાં અગ્રેસર બની રહી છે અને અનેક નવા આયામો સર કરી રહી છે. ગિરધરભાઈ ઘાડીયાના વિદેશગમન પછી પણ તેમના વિશ્વાસથી છેલ્લા ૨૫ વર્ષોથી સંપૂર્ણપણે સ્ટાફ દ્વારા એડવર્ટાઈઝીંગ એજન્સી ૪૭માં વર્ષમાં પ્રવેશ કરે છે.

કટીંગ કરી રહેલા બે શખ્સે ત્રીજા શખ્સનું નામ અપાયું:

કલ્યાણપુરના મોટા આસોટા ગામમાં મકાનમાંથી દારૂની ૫૯ બોટલ ઝડપાઈ

જામનગર તા.૫ : કલ્યાણપુરના મોટા આસોટામાં એક મકાનમાં ઈંગ્લીશ દારૂનું કટીંગ કરી રહેલા બે શખ્સને દ્વારકા એલસીબીએ પકડી પાડ્યા છે. તે મકાનમાંથી ઈંગ્લીશ દારૂની ૫૯ બોટલ અને બે મોબાઈલ ઝબ્બે લેવાયા છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના મોટા આસોટા ગામમાં એક મકાનમાં ઈંગ્લીશ દારૂ સગેવગે કરવામાં આવી રહ્યો છે તેવી બાતમી દ્વારકા એલસીબીને મળતા પીઆઈ કે.કે. ગોહિલની સૂચના અને પીએસઆઈ એ.એલ. બારસીયા, બી.એમ. દેવમુરારી તથા એસ.વી. કાંબલીયાના વડપણ હેઠળ એલસીબી ટીમે ભરત ઉર્ફે મોદી નારણભાઈ ચાવડા નામના શખ્સના મકાનમાં દરોડો પાડ્યો હતો.

આ મકાનમાં ઈંગ્લીશ દારૂનું કટીંગ કરી રહેલા ભરત ઉર્ફે મોદી તથા વીરપર ગામના કાર્તિક દેવાણંદ ચાવડા નામના બે શખ્સ ઈંગ્લીશ દારૂની ૫૯ બોટલ સાથે મળી આવ્યા હતા. એલસીબીએ દારૂની બોટલ તથા બે મોબાઈલ મળી કુલ રૂ. ૯૨૬૩૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ આરોપીઓએ પોતાના સાગરિત ભાણેજ ઉર્ફે ગઢવીનું નામ અને મોબાઈલ નંબર આપ્યા છે.

દ્વારકા તાલુકાના મીઠાપુર નજીક આવેલા

આરંભડાના જલારામ મંદિરમાં લોહાણા સમાજની સમૂહ પ્રસાદી

મીઠાપુર તા.૫ દ્વારકા તાલુકાના મીઠાપુર નજીકના આરંભડા જલારામ મંદિરમાં રામ નવમી નિમિત્તે સુરજકરાડી, મીઠાપુર, આરંભડા, ભીમરાણાના લોહાણા જ્ઞાતિજનો માટે જલારામ મંદિરમાં સાંજે સમૂહ પ્રસાદી, (ફરાળ) અને રાતે દાંડિયારાસનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે લોહાણા જ્ઞાતિના લોકોને પધારવા જણાવાયું છે.

જામનગર જિલ્લાના જોડિયામાં રવિ-સોમ

શરીફ હજરત ગુલાબશાપીરનો ઉર્ષશરીફ

જોડિયા તા. ૫: જામનગર જિલ્લાના જોડિયામાં તા. ૬ અને ૭ એપ્રિલના બે દિવસના ઉર્ષ શરીફનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. સોમવારે રાત્રે કવ્વાલીનો જોરદાર મુકાબલો થશે.

જોડિયાના શરીફ હઝરત ગુલાબશાહ પીર વલી હઝરતપીર મોહમદ શાહ પીર વલી દરગાહ અલ્લાહનો ઉર્ષ શરીફના બે દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૬-૪-૨૦૨૫ ના રાત્રે ઈશાની નમાઝ પછી ગુશલ શરીફ પછી નાન શરીફ તથા તકરીરનો પ્રોગ્રામ થશે. તેમાં જેતપુરના ખલીફાએ દરગરૂ શેખુલ ઈસ્લામ જાહજાદાએ હજુરના હીરે મિલ્લત હઝરત શૈયદ અશરફ મીયા બાપુ, યાશીફ મીયાબાપુ ઈમાન અફરોશ તકરીર ફરમાવશે.

તા. ૭ ના અને સોમવારે બપોરે ૩ વાગ્યે હાબીબીયા મદ્રેસા પાસેથી સંદલ શરીફ નીકળશે અને દરગાહ શરીફ પહોંચશે. આ પછી સાંજે પાંચ વાગ્યે આમ ન્યાઝ તકસીમ થશે. સોમવારે રાત્રે ૧૦ વાગ્યે હિન્દુસ્તાનના મશહુર કવ્વાલ ચાંદ અફઝલ તથા શોકત સાવરીનો કવ્વાલીનો જોરદાર મુકાબલો થશે.

આ જલસામાં ઉપસ્થિત રહેવા ગુલાબશાહ પીર ઉર્ષ કમિટી તથા વહાણવટી સુન્ની મુસ્લિમ જમાત જોડિયા દ્વારા જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

આવતીકાલે

હાલાર જિલ્લા માજી સૈનિક મંડળની બેઠક

જામનગર તા. ૫: હાલાર જિલ્લા માજી સૈનિક મંડળ-જામનગર દ્વારા એક મિટિંગ તા. ૬/૪ ને રવિવારે સાંજે ૬ વાગ્યે હાલાર જિલ્લા માજી સૈનિક મંડળનું કાર્યાલય, ગાંધીનગર મેઈન રોડ, જામનગરમાં રાખવામાં આવી છે જેમાં માજી સૈનિકોના વિવિધ અણઉકેલ પડતર પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવશેથી જામનગર જિલ્લામાં રહેતા માજી સૈનિકો તથા તેમના આશ્રીતોને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા પ્રમુખ ભરતસિંહ જાડેજા દ્વારા જણાવાયું છે.

વૃદ્ધાના ઘરમાં રહેલા કેમેરામાં બનાવ કંડારાયો:

ઘરમાં રહેલા વૃદ્ધાના ગળામાંથી પરિચિત મહિલાએ ઝૂંટવ્યો ચેઈન: પાડોશીએ દબોચ્યા

જામનગર તા.૫ : જામજોધપુરના એક પોશ વિસ્તારમાં થોડા દિવસ પહેલાં ઘરમાં એકલા રહેલા મહિલાને મળવાના પ્રયોજનથી આવેલા એક અન્ય મહિલાએ તે વૃદ્ધાના ગળામાંથી સોનાના ચેઈનની લૂંટ કરી હતી. જો કે, વૃદ્ધાએ પાડોસી બુમના પગલે તે મહિલા પાડોશીઓના હાથમાં ઝડપાઈ ગયા હતા. આ બનાવનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

જામજોધપુર શહેરના હાર્દ સમા ગાંધી ચોકના પાછલા વિસ્તારમાં આવેલા એક શ્રીમંત પરિવારના મકાનમાં થોડા દિવસ પહેલાં દિવસના સમયે તે પરિવારના વૃદ્ધા એકલા હતા અને તેઓ ઘરનું કામકાજ કરતા હતા ત્યારે જામજોધપુર શહેરના ભદ્ર સમાજની એક મહિલા મળવા માટે આવી હતી. આ મહિલાએ ઘરમાં પ્રવેશી આપણે જૂના ઓળખીતા છીએ તેમ કહી અડીંગો જમાવ્યો હતો. આ મહિલાને પાણીનું પૂછ્યા પછી વૃદ્ધા પાણી લાવવા રસોડામાં ગયા ત્યારે પાછળ પાછળ ગયેલ આ મહિલાએ વૃદ્ધાના ગળામાંથી સોનાના ચેઈનની ઝડપ મારી હતી અને ઉતાવળા પગલે તે મહિલા ઘરમાંથી નીકળી ગઈ હતી. આ પછી તરત જ બહાર નીકળેલા વૃદ્ધાએ બૂમાબૂમ કરતા દોડી આવેલા અન્ય પાડોશીઓએ તે મહિલાને પકડી પાડી હતી. આ બનાવ અંગે હાલમાં કોઈ પોલીસ ફરિયાદ થઈ નથી પરંતુ વૃદ્ધાના ઘરમાં મૂકેલા સીસીટીવી કેમેરામાં ઉપરોક્ત બનાવ કંડારાઈ ગયો છે અને તેનો વીડિયો વાયરલ થઈ ગયો છે.

ગુમસુમ રહેતા મહિલાએ ભર્યું આત્મઘાતી પગલું:

પતિના નિધન પછી એકલવાયાપણું અનુભવતા મહિલાએ ખાધો ગળાફાંસો

જામનગર તા.૫ : જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં ખડખડનગરમાં વસવાટ કરતા એક મહિલાએ નવેક મહિના પહેલા પતિના થયેલા નિધન પછી એકલવાયાપણું લાગતા તેણી ગુમસુમ રહેતા હતા. આ મહિલાએ ગઈકાલે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં આવેલા ખડખડનગર પાસે વસવાટ કરતા રેખાબેન મનિષભાઈ મકવાણા (ઉ.વ.૫૦) નામના ખવાસ પ્રૌઢાએ ગઈકાલે સવારે પોતાના ઘરે સિમેન્ટની આડીમાં સાડી વડે ગાળીયો બનાવી ગળાફાંસો ખાઈ લીધો હતો.

આ બાબતની તેમના પતિ તથા પરિવારને જાણ થતા ૧૦૮ને કોલ કરવામાં આવ્યો હતો. દોડી આવેલી એમ્બ્યુલન્સ સ્ટાફે આ મહિલાને નીચે ઉતારી ચકાસતા તેણી મૃત્યુ પામેલા જણાઈ આવ્યા હતા. કેતનભાઈ લાલજીભાઈ મકવાણાએ પોલીસને જાણ કરી છે.

તેઓએ પોલીસ સમક્ષ આપેલા નિવેદનમાં જણાવાયા મુજબ રેખાબેનના પતિ મનિષ ભાઈનું નવેક મહિના પહેલાં અવસાન થયું હતું. તે પછી ગુમસુમ રહેતા રેખાબેન એકલવાયાપણું અનુભવતા હતા. તેઓએ લાગી આવતા ગઈકાલે આત્મહત્યા કરી છે. પોલીસે નિવેદનની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

જામનગરમાં ઓબીસી એકતા પરિષદ દ્વારા

મહાત્મા જ્યોતિરાવ ફૂલેની જન્મ જયંતી ઉજવણી નિમિત્તે આગામી સોમવારે બેઠક

જામનગર તા. ૫: જામનગરના ઓબીસી એકતા પરિષદ દ્વારા સામાજિક ક્રાંતિના પ્રણેતા મહાત્મા જ્યોતિરાવ ફૂલેની ૧૯૮ મી જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવનાર હોવાથી તે સંદર્ભની એક મિટિંગ તા. ૭-૪-૨૦૨૫ (સોમવાર) ની સાંજે ૬-૩૦ વાગ્યે ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતીમા પાસે, લાલબંગલા સર્કલ, જામનગરમાં રાખવામાં આવી છે. આ મિટિંગમાં ઓબીસી-એસસી-એસટી-માયનોરીટી સમાજના ભાઈઓ-બહેનો, યુવાનો તથા કાર્યકર્તાઓએ હાજર રહેવા ઓબીસી એકતા પરિષદ, જામનગર દ્વારા અપીલ કરવામાં આવી છે તેમ પ્રમુખ રમેશભાઈ સોલંકીએ જણાવ્યું છે.

જામનગરની હરિયા સ્કૂલ ઓડિટોરિયમમાં

આજે રાત્રે 'ધરોહર' દ્વારા હિન્દુ નવ વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે

જામનગર તા ૫, જામનગર માં 'ધરોહર' દ્વારા હિન્દુ નવ વર્ષ સ્નેહમિલનનો કાર્યક્રમ આજે રાત્રે ૯.૧૫ કલાકે હરિયા સ્કૂલ ઓડિટોરિયમ માં યોજાયો છે. જે કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે શ્રી સતીચંદ્ર વ્યાસ (શબ્દ) ઉપસ્થિત રહી કાર્યક્રમને અનુરૂપ વક્તવ્ય આપશે. આથી જામનગરની તમામ ધર્મ પ્રેમી જનતાએ આ સ્નેહમિલનના કાર્યક્રમમાં રાત્રિના ૯.૧૫ કલાકે હરિયા સ્કૂલના ઓડિટોરિયમ માં ઉપસ્થિત રહેવા સંયોજક કમલેશ દવેની યાદીમાં જણાવાયું છે.

કેબિનેટ મંત્રી સંસદસભ્ય અને નગરપાલિકા નિયામકના હસ્તે સોમવારે

ખંભાળિયામાં રૂ. ૭૬ કરોડના વિકાસકામોનું ભૂમિપૂજન

ખંભાળિયા તા. ૫: સોમવારે ૭-૪ના ખંભાળિયા પાલિકા વિસ્તારના ૭૬ કરોડના વિકાસ કાર્યોનું રાજ્યમંત્રી, સાંસદ, પ્રા.ન.પા. નિયામકના હસ્તે ભૂમિપૂજન થશે.

ખંભાળિયા પાલિકા વિસ્તારમાં રાજ્ય તથા કેન્દ્ર સરકાર તથા પાલિકામાં ફાળવાયેલ ગ્રાન્ટમાંથી સોમવારે ૭૬ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત ભૂમિપૂજન કરવામાં આવનાર હોય લોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે.

૭૬ કરોડના નવા વિકાસ કાર્યોમાં ઘી તથા તેલી નદીના ગંદા પાણીના નિકાલ માટે ૨૯ કરોડ, ૨૯ કરોડના ખર્ચે જામનગર રેલવે ફાટક પર ઓવર બ્રીજ, પાંચ કરોડનું ફાયર સ્ટેશન, ૭૩ લાખનો સરકારી હોસ્પિટલ પાસે આઈકોનીક રોડ, ૫૦ લાખનો સ્મશાન પાસે ડેમ, નગર ગેઈટથી ચાર રસ્તાનો ૮૦ લાખનો રોડ, પોરબંદર રોડ પર સ્મશાન પાસે ૧.૮૦ કરોડનો પ્રાર્થના હોલ, —— કચરા ડમ્પીંગ યાર્ડમાં ૧.૬૭ લાખનું એમ.આર.એફ. સેન્ટર વિ. કાર્યો થશે.

૨.૬૭ કરોડના કામના સ્થળ પર ખાતમુહૂર્ત થશે. જ્યારે બાકીના ટાઉનહોલમાં સાંકેતીક થશે. કેબિનેટ મૂળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ, પ્રાદેશીક ન.પા. નિયામક મહેશભાઈ જાની સહિતના પદાધિકારી અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

સાંજે ૭ર ૧૯ વાગ્યે પાલિકા ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાયો છે.

ચિરવિદાય

જામનગર નિવાસી રામકૃષ્ણ (રાજુભાઈ) કાનજીભાઈ ચાવડા, તે મહેશભાઈ રમેશભાઈ સુમિત્રાબેનના નાનાભાઈનું તા. ૪-૪-૨૦૨૫ ના અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા. ૫-૪-૨૦૨૫, શનિવારના સાંજે ૫ થી ૫.૩૦ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે શ્રી લક્ષ્મીનારાયણ વાણંદ જ્ઞાતિ, પંચેશ્વર ટાવર પાસે, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી..

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

લખે છે. સંરક્ષણ કરાર અને ઉર્જા પ્રોજેક્ટ્સ ચીન માટે સ્પષ્ટ સંદેશ છે.ભારત શ્રીલંકા સાથેના સંબંધો મજબૂત કરીને હિંદ મહાસાગરમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરવા માંગે છે.

ભારત શ્રીલંકાને ચીનના દેવાના જાળમાંથી બહાર કાઢીને એક વિશ્વસનીય ભાગીદાર બનાવવા માંગે છે. ભારતે ૨૦૨૨ માં શ્રીલંકાના આર્થિક સંકટ દરમિયાન તેને ૪.૫ બિલિયન ડોલરની સહાય પૂરી પાડી, જેનાથી પ્રથમ પ્રતિભાવ આપનાર તરીકે તેની છબી મજબૂત થઈ.

હવે ભારત શ્રીલંકાને ઉર્જા કેન્દ્ર બનાવીને, ડિજિટલ કનેક્ટિવિટી વધારીને અને સંરક્ષણ સહયોગ દ્વારા તેની પકડ મજબૂત કરવા માંગે છે. શ્રીલંકાના વિદેશ મંત્રીએ કહ્યું કે પીએમ મોદીની મુલાકાત દરમિયાન ૮ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવશે. પહેલી વાર ભારત અને શ્રીલંકા વચ્ચે સંરક્ષણ કરાર થશે, જેમાં તાલીમ અને લશ્કરી સાધનોમાં મદદનો પણ સમાવેશ થશે. એનર્જી ગ્રીડ કનેક્ટિવિટી: બંને દેશો વચ્ચે પાવર ગ્રીડને જોડવાની યોજના. આ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પ્રત્રિંકોમાલીને ઉર્જા કેન્દ્ર બનાવવા માટે ભારત, શ્રીલંકા અને યુએઈ વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર થવા જઈ રહ્યા છે. પ્રડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવા માટે બંને દેશો વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર થવાની શકયતા છે. પીએમ મોદી દામ્બુલામાં કોલ્ડ સ્ટોરેજ સુવિધા અને ત્રિંકોમાલીમાં સંપુર સોલાર પ્રોજેક્ટનું પણ ઉદઘાટન કરશે.

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૯ ૬૦૮૮

મેષ (૨૪-૩-૧૯) — દેશ-પરદેશ, આયાત-નિકાસના કામમાં આપને સાનુકૂળતા મળી રહે. નોકર-ચાકરવર્ગનો સહકાર મળી રહે. શુભ રંગ: મરૂન શુભ અંક: ૪-૬

વૃષભ (૨૦-૪-૧૯) — દિવસના પ્રારંભથી આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું બને. જમીન-મકાનના કામમાં વ્યસ્ત રહો. શુભ રંગ: વાઈન શુભ અંક: ૨-૮

મિથુન (૨૦-૫-૧૯) — આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા ઝડપથી ઉકેલ લાવી શકો. પરદેશના કામમાં પ્રગતિ જણાય. શુભ રંગ: ગ્રે શુભ અંક: ૧-૬

કર્ક (૨૧-૬-૧૯) — આપના ગણતરી-ધારણા પ્રમાણેનું કામ ન થવાથી ઉચાટ-ઉદ્વેગ જણાય. કોર્ટ-કચેરીના કામમાં મુશ્કેલી જણાય. શુભ રંગ: સફેદ શુભ અંક: ૫-૧

સિંહ (૨૩-૭-૧૯) — આપના મહત્વના કામના ઉકેલથી આપને આનંદ-પ્રસન્નતા રહે. મહત્વના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય. શુભ રંગ: લાલ શુભ અંક: ૩-૪

કન્યા (૨૩-૮-૧૯) — આપના કાર્યની સાથે પારિવારિક કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. કામનો ઉકેલ આવતા આનંદ જણાય. શુભ રંગ: લીલો શુભ અંક: ૧-૬

તુલા (૨૩-૯-૧૯) — આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવી કાર્યસ્થના થવાથી આનંદ અનુભવો. ભાઈ-ભાંડુનો સહકાર રહે. શુભ રંગ: બ્લુ શુભ અંક: ૪-૯

વૃશ્ચિક (૨૩-૧૦-૧૯) — આપના કામમાં પ્રતિકૂળતા રહે. ઘર-પરિવારની ચિંતાના લીધે કામમાં ધ્યાન આપી શકો નહીં. વાહન ધીરે ચલાવવું. શુભ રંગ: પિસ્તા શુભ અંક: ૩-૫

ધન (૨૩-૧૧-૧૯) — આપના રૂકાવટ-વિલંબમાં અટવાઈ પડેલા કામનો ધીરે-ધીરે ઉકેલ આવતો જાય. સંતાનના પ્રશ્ને ચિંતા-ખર્ચ જણાય. શુભ રંગ: સફેદ શુભ અંક: ૨-૮

મકર (૨૩-૧૨-૧૯) — આપના કામમાં હરિફ, ઈર્ષા કરનાર વર્ગની મુશ્કેલી અનુભવાય. સીઝનલ ધંધામાં માલનો ભરાવો કરવો નહીં. શુભ રંગ: ગુલાબી શુભ અંક: ૬-૯

કુંભ (૨૩-૧-૨૦) — આપના કાર્યની સાથે જાહેર ક્ષેત્રના કામમાં, સંસ્થાકીય કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. મિલન-મુલાકાત થાય. શુભ રંગ: કેસરી શુભ અંક: ૨-૭

મીન (૨૩-૨-૨૦) — આપે તન-મન-ધનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. વ્યવહારિક કામમાં પ્રતિકૂળતા જણાય. શુભ રંગ: પીળો શુભ અંક: ૬-૯

આવતીકાલનું પંચાગ

સુર્યોદય : ૬-૩૪ સુર્યાસ્ત : ૭-૦૩

દિવસના ચોઘડીયા

(૧) ઉદ્વેગ (૨) ચલ (૩) લાભ (૪) અમૃત (૫) કાળ (૬) શુભ (૭) રોગ (૮) ઉદ્વેગ

રાત્રિના ચોઘડીયા

(૧) શુભ (૨) અમૃત (૩) ચલ (૪) રોગ (૫) કાળ (૬) લાભ (૭) ઉદ્વેગ (૮) શુભ

વિક્રમ સંવત: ૨૦૮૧, ચૈત્ર સુદ-૯ : તા. ૦૬-૦૪-૨૦૨૫, રવિવાર ચૈત્ર સંવત: ૧૫૫૧, શાલિવાહન: ૧૯૪૭, કુગાબ્દ : ૫૧૨૬, પારસી રોજ : ૨૫, મુસ્લિમ રોજ: ૭, નક્ષત્ર: પુષ્ય, યોગ: સુકર્મા, કરણ: બાલવ

જન્મેલાનું વર્ષફળ

તા. ૦૬ - એપ્રિલના દિવસે

આ સમયમાં કૌટુંબિક-પારિવારિક પ્રશ્ને સાનુકૂળતા મળી રહે. સગા-સ્નેહી, સ્વજનો સાથે સુખરૂપ સમય વિતાવવાનો અવસર પ્રાપ્ત થાય. માતા-પિતા, વડીલવર્ગ આરોગ્ય બાબતે ચિંતા રહ્યાં કરે. નોકરી-ધંધા-વ્યવસાય ક્ષેત્રે રૂકાવટ-મુશ્કેલી બાદ સફળતાના યોગ જણાય છે. વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સાનુકૂળતા મળી છે. નાણાકીય સ્થિતિ સરભર બની રહે.

બાળકની રાશિ: કર્ક

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

દરખાસ્તો, મંજૂરીઓ, એસ્ટીમેટ, કાર્યયોજના અને વૈકલ્પિક વ્યવસ્થાઓ સહિતનો રોડમેપ તૈયાર કરી લેવો પડશે, અન્યથા આગ લાગે ત્યારે કૂવો ખોદવા જવા જેવો ઘાટ સર્જાશે.

ગયા વર્ષે જ્યારે ગરમીનો પ્રચંડ પ્રકોપ હતો, ત્યારે પંખા, એ.સી., કૂલર, ફ્રીઝ અને બરફનું ઉત્પાદન કરતા સાધનોના ઉપયોગમાં અનેકગણો વધારો થયો હતો, અને તેના કારણે લોડ વધી જતા ઘણાં વિસ્તારોમાં વીજ ઉપકરણોને નુકસાન થયું હતું, તો લો વોલ્ટેજની સમસ્યાના કારણે પણ ઠંડક આપતા સાધનો ચાલી શક્યા નહોતા. વોલ્ટેજની વધઘટના કારણે ઘણાં સ્થળે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો, જેથી ઘરેલુ વ્યવસ્થાઓ પણ વેરવિખેર થઈ જતી હતી. વીજતંત્રોએ આ વર્ષે ગયા વર્ષનો અનુભવ અને ચાલુ વર્ષે અંદાજીત ડિમાન્ડને ધ્યાનમાં રાખીને વીજ પુરવઠો જાળવી રાખવાની કવાયત કરી લેવી પડશે અને જ્યાં જરૂર હોય ત્યાં વીજ લાઈનો તથા તેને સંલગ્ન ઉપકરણોની ક્ષમતા વધારી લેવી પડશે.

જામનગર સહિતના શહેરોની વસ્તી વધી છે. વેકેશનનો માહોલ છે. વીજ ઉપકરણોની જરૂરિયાતો પણ વધી રહી છે. અત્યારે ઘેરઘેર એરકન્ડીશન્ડ મશીનો, વોશીંગ મશીનો, ઘરઘંટી, ટેલિવિઝન, વીજ આધારિત ચુલાઓ, ઈલેક્ટ્રિક મોટરો, એરકૂલરો, રેફ્રીજરેટરો અને ઈ-વાહનોની સુવિધાઓ ઉપલબ્ધ બની છે, અને હવે મધ્યમવર્ગીય પરિવારો તથા અપર-પ્રુઅર વર્ગોના પરિવારો પણ આ પ્રકારના વીજ આધારિત ઉપકરણો તથા સેવાઓ મેળવવા લાગ્યા છે, ત્યારે જરૂર પહેલા ડોર-ટુ-ડોર સર્વે કરીને પણ શહેરમાં અંદાજીત કેટલાક ઉપકરણો છે, તેના અંદાજ આધારિત વીજક્ષમતા વધારવાની કવાયત અત્યારથી જ કરી લેવી જોઈએ, જેથી ભર ઉનાળે ધોમધખતી ગરમીમાં પીસાતી જનતાને થોડી રાહત આપી શકાય.

જામનગર મહાનગરપાલિકાના તંત્રો દ્વારા ઘેર-ઘેર નળ દ્વારા અપાતો પાણી પુરવઠો ઉપરની ટાંકીમાં પહોંચાડવા ભૂગર્ભ ટાંકીઓમાં ડેડકો મોટર કે ઈલેક્ટ્રિક મોટરો પણ વાપરવામાં આવે છે, અને તેનો અંદાજ ભાગ્યે જ ગણતરીમાં લેવાતો હોય, તે ઉપરાંત વીજ આધારિત વ્યવસાયો, ઔદ્યોગિક-વ્યાપારિક જરૂરિયાતો અને કોમ્પ્યુટર્સ, વાયફાય અને મોબાઈલ સેલફોન આધારિત પ્રવૃત્તિઓ માટે પણ વીજ પુરવઠાની જરૂર તો પડવાની જ છે ને...?

ટૂંકમાં વીજતંત્રોએ માઈક્રો પ્લાનીંગ પણ કરવું જોઈએ અને અત્યારથી વિસ્તારવાઈઝ અંદાજો કાઢીને તે મુજબ વીજલાઈનો તથા સંલગ્ન સાધનોનું અપગ્રેડેશન કરી લેવું જોઈએ.

વીજ તંત્રોની જેમ જ પાણી પુરવઠાના વિભાગ તથા પાલિકા-મહાપાલિકા, પંચાયતોના વોટરવર્કસ તંત્રોએ પણ ઉનાળામાં માનવી અને પશુઓ માટે જરૂરી પાણી પુરવઠાનો અંદાજ કાઢીને આગામી બે-અઢી મહિના સુધી એટલે કે જુલાઈ મહિના સુધીનું માઈક્રો પ્લાનીંગ કરી લેવું જોઈએ. તે ઉપરાંત જે વિસ્તારોમાં હજુ પણ ટેન્કરો ચાલી રહ્યાં છે, ત્યારે ટેન્કરોના ફેરા કે સંખ્યા વધારીને લોકોને કમસેકમ પીવાનું શુદ્ધ પાણી પૂરતા પ્રમાણમાં મળી રહે, તેવી વ્યવસ્થાઓ તંત્રોએ અત્યારથી જ કરી લેવી જોઈએ, ખરૂં ને...?

ઉનાળામાં વીજ વપરાશ વધવાની સાથેસાથે આગ અકસ્માત જેવી ઘટનાઓમાં પણ વધારો થતો હોય છે, જેથી ઉનાળાના પ્રારંભે જ ફાયરસેફ્ટી સહિતની વ્યવસ્થાઓ ચકાસી લેવામાં આવે તે જરૂરી છે. ઉનાળામાં ઘણી બધી સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ પાણીના પરબ, છાશ વિતરણ તથા શિતળ છાંયડાની વ્યવસ્થાઓ થતી હોય છે, અને ઘરવિહોણાં રખડતા-ભટકતા લોકો માટે શેલ્ટર હોમ પણ ઊભા કરાતા હોય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓનું સંકલન કરીને જરૂરિયાત મુજબના તમામ સ્થળોએ સમાન ધોરણે પૂરતા પ્રમાણમાં આ નિ:શુલ્ક સેવાઓ મળી શકે તેવું સંકલિત આયોજન થાય તે ઈચ્છનિય રહેશે...

અર્ક — જે વ્યક્તિ પોતાની નૈતિક જવાબદારીઓ સમજે છે તે સૌથી વિશ્વસનીય છે...

શબ્દવ્યૂહ ૧૧૩૧

આડી ચાવી

૧. શુભ પ્રારંભ---------(૬
૪. સ્થળ, ઠેકાણું -------(૨
૯. ચાંદ્રમાસની બન્ને પક્ષની બારમી તિથિ--------(૩
૧૦.છિદ્ર, બાંકોરું-------(૨
૧૧.વૃક્ષની શાખા--------(૨
૧૪.આકર્ષક અંગચેષ્ટા----(૨
૧૫.સમગ્ર, સંપૂર્ણ -------(૩
૧૭.દબાયેલું, કચડાયેલું ---(૩
૧૮.ભ્રષ્ટાચાર, દુરાચાર ---(૨
૨૦.પાણીની હેરફેર કરવા માટેની ચામડાની થેલી -(૩
૨૧.જંગલ, કાનન--------(૨
૨૩.છિદ્ર, બાંકોરું-------(૨
૨૪.ખમી શકે તેવું -------(૫

ઊભી ચાવી

૧. આળસું, ધીમું -------(૨
૨. જિસ કી....ઉસ કી ભેંસ (૨
૩. અત્યંત કિંમતી પથ્થર --(૨
૫. સાધન, ઘાટું ---------(૨
૬. કોઈ વ્યક્તિ કે પક્ષની તરફેણ કરતું -------(૫
૭. એક ફૂલઝાડ---------(૨
૮. ખેલ, રમત ---------(૨
૧૦.કાગડાની ઊંઘના જેવી કાચી કે છીછરી ઊંઘ --(૫
૧૨.દીવો, ચિરાગ -------(૩
૧૩.સાતત્ય, એકધારાપણું--(૫
૧૬.વિપુલ, અતિશય ------(૪
૧૯.સર્યેત, સાવચેત ------(૩
૨૨.પુરૂષ ----------(૨

આડી ચાવી — (૧) ઉજ્જવલ (૩) આભૂષણ (૪) વાસ (૫) વજન (૬) નમાજ (૧૦) નવરંગ (૧૩) ગદા (૧૫) ગજ (૧૬) બકાલી (૧૭) મરામત (૧૯) દમ (૨૨) રાવ (૨૩) માત્રા (૨૪) મરજી (૨૫) શયતાન

ઊભી ચાવી — ઉકેલ કોયડા નં. ૯૧૩૦ (૧) ઉજ્જવણી (૨) વર્તન (૩) આસમાન (૪) વાન (૭) જવ (૮) મગજ (૯) ભંગ (૧૧) રંગત (૧૨) મુકામ (૧૪) દામ (૧૬) બદનામ (૧૮) રાજકીય (૨૦) તાવ (૨૧) જાત્રા (૨૨) રજી (૨૩) માન